# નેપાળના વિદેશ સચિવ સુશ્રી સેવા લમસલની ભારતની મુલાકાત (27 ફેબ્રુઆરી-01 માર્ચ 2024)

ફેબ્રુઆરી 28, 2024

વિદેશ સચિવ શ્રી વિનય ક્વાત્રાએ આજે નવી દિલ્હીમાં નેપાળના વિદેશ સચિવ મહામહિમ સુશ્રી સેવા લમસલ સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી. વિદેશ સચિવ લમસલ પુણેમાં 29 ફેબ્રુઆરી 2024ના રોજ વિદેશ મંત્રાલય અને પુણે ઈન્ટરનેશનલ સેન્ટર દ્વારા સંયુક્ત રીતે આયોજિત 8મી એશિયા ઈકોનોમિક ડાયલોગ 2024માં ભાગ લેવા ભારતની મુલાકાતે આવેલ છે. વિદેશ સચિવ તરીકે કાર્યભાર સંભાળ્યા બાદ લમસલની આ પ્રથમ ભારત મુલાકાત છે.

2. બેઠક દરમિયાન, બંને વિદેશ સચિવોએ ભારત અને નેપાળ વચ્ચેના બહુપક્ષીય સહકારની સમગ્ર શ્રેણી પર ચર્ચા કરી હતી અને ગયા મહિને વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને નેપાળના વિદેશ મંત્રી મહામહિમ શ્રી એન પી સાઉદની સહ-અધ્યક્ષતામાં કાઠમંડુમાં યોજાયેલ 7મી ભારત-નેપાળ સંયુક્ત આયોગની બેઠક બાબતે પણ વિચારણા કરી હતી.

3. આ મુલાકાત બંને દેશો વચ્ચે નિયમિત ઉચ્ચ સ્તરીય આદાનપ્રદાનની પરંપરાને ધ્યાનમાં રાખીને યોજાવામાં આવેલ છે અને ભારત તેની 'નેબરહુડ ફર્સ્ટ' નીતિ હેઠળ નેપાળ સાથેના તેના સંબંધોને અગ્રતા આપે છે અને બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને આગળ વધારવાની તક પૂરી પાડે છે.

**નવી દિલ્હી**
**28 ફેબ્રુઆરી, 2024**